**સંઘ પ્રદેશ દાદરા નગરહવેલી અને દમણ-દીવ,**
**સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,દીવ**
ઈમેલ- fish-diu-dd@nic.in

સં.એએસએફડી/24-એમએફવી /2025-26/1338 તારીખ :- 24 /09/2025

# સાર્વજનિક સૂચના

દીવ જીલ્લા ના દરેક ફિશરમેન, બોટ માલિકો તેમજ ફિશરમેન અસોશિએશન ને જાણકારી આપવામાં આવે છે કે તારીખ 29/09/2025 ના હવામાન ખાતા વિભાગ, અમદાબાદ તેમજ કોસ્ટગાર્ડ, વેરાવળ ના ઇમેઈલ મેસેજપ્રમાણે **તારીખ 28/09/2025 થી 01/10/2025** દરમ્યાન દીવ, સૌરાષ્ટ્ર અને ગુજરાત થી મહારાષ્ટ્ર દરિયાઈ ક્ષેત્રો માં ભારે વરસાદ તથા ઊંચા મોજા ઉછળી શકે છે અને હવા ની ગતિ 55 થી 60 કિ.મી. ની ઝડપ થી ફૂકાવાની શક્યતા રહેલી છે. તેના અનુસંધાનમાં ફિશરમેન ભાઈઓ ની જાન-માલ અને ફિશિંગ બોટોની સલામતી અને સુરક્ષા ને ધ્યાનમાં રાખતા આ ઓફિસ દ્વારા માછીમારોને જાણ કરવામાં આવે છે કે હાલમાં પ્રતિકૂળ હવામાન ને કારણે ફિશિંગ બોટો ને **ફિશિંગમાં નહિ જવાની જાણ કરવામાં આવે છે** તેમજ આગળની સૂચના ન મળે ત્યાં સુધી માછીમારી બોટોને ટોકન ઈશ્યુ કરવામાં આવશે નહીં. તથા જેમની ફિશિંગ બોટો ફિશિંગમાં હોય તેને નજીકનાં બંદરગાહ માં સલામતી માટે પહોંચી જવા VHF દ્વારા જાણ કરવી. અને તેની જાણકારી મત્સ્યોધ્યોગ કચેરી, દીવ તથા વણાક્બારા કરવી. જેની ફિશિંગ બોટ દીવ જિલ્લા ના બંદરગાહ પર આવી ગયેલ હોય તેઓએ "**દીવ સાગર (DIU SAGAR)**"" મોબાઇલ એપ માં તરત આવક ની એન્ટ્રી કરવા સૂચન કરવામાં આવે છે.

(સુકર આંજણી)
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક,
દીવ

સેવામાં,

1. પ્રમુખશ્રી, દીવ જીલ્લા મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ } જાણકારી તથા વધુમાં વધુ
2. પ્રમુખશ્રી, દીવ જીલ્લા માછીમાર એસોશિયેસન, વણાકબારા
3. પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા, સાઉદવાડી, બુચરવાડા,ઘોઘલા,દીવ } પ્રચાર- પ્રસાર માટે
4. "દીવસાગર" મોબાઇલ એપ દ્વારા દરેક બોટ માલિકોને જાણકારી

પ્રતિલિપિ પ્રેષિત:-

1. માનનીય કલેક્ટર સાહેબ, કલેકટર કચેરી, દીવ
2. ઉપ સમાહર્તા અને એચ. ઓ. (મત્સ્યોધ્યોગ), દીવ

} ........... જાણકારી માટે